સને ૨૦૧૫-૧૬ માં નવી બાબતે રાજ્યના ૧૯ વિકાસશીલ તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન સાથે ' દૂધ સંજીવની યોજના' હેઠળ પોષણક્ષમ દૂધ આપવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૫૯૬ /૨,

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા. ૨૯/૦૬/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૯/૧૧/૮૪ના ઠરાવ ક્રમાંક-મભય/૧૩૮૪ /ક

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૧૪, તા.૧૯/૧૧/૨૦૧૪ અને તા.૨૭/૩/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક-મભય/ ૧૦૨૦૧૪/૧૭/૨

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૫/૦૪/૨૦૧૫નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૪) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૨૯/૫/૧૫ના પત્ર ક્રમાંક:મભય/અમલ/દૂધ/વશી/૩૦૫૧/૪૬૫૫-૫૭

ઠરાવ –

શિક્ષણ વિભાગના સંદર્ભ-(૩)ના ઠરાવથી સને ૨૦૧૫-૧૬ માં નવી બાબતે ૧૯ વિકાસશીલ તાલુકાની ૨૭૪૬ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન સાથે ' દૂધ સંજીવની યોજના' હેઠળ અઠવાડિયામાં પાંચ દિવસ પોષણક્ષમ ફ્લેવર્ડ દૂધ બાળકદીઠ ૨૦૦ મિ.લી.આપવા માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ-(૪) ના કમિશ્નરશ્રી, મ.ભો.યો.ના પત્રથી સર્વોત્તમ ડેરી,ભાવનગરમાં ફ્લેવર્ડ દૂધની વ્યવસ્થા ન હોઇ ઘોઘા તાલુકાની ૬૭ પ્રાથમિક શાળાઓમાં દૈનિક વિદ્યાર્થીદીઠ ૨૦૦ મિ.લી.ફ્લેવર્ડ દૂધને બદલે પેચ્યુરાઇઝ દૂધ આપવાની મંજુરી અન્ય વૈકલ્પિક વ્યવસ્થા ન થાય ત્યાં સુધી આપવાની મંજુરી આપવા કમિશ્નરશ્રી, મ.ભો.યો. દ્વારા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

૨/ ઉકત બાબતે પુખ્ત વિચારણાના અંતે ઘોઘા તાલુકાની ૬૭ પ્રાથમિક શાળાઓ સાથે અન્ય તાલુકાઓમાં જ્યાં ફ્લેવર્ડ દૂધની વ્યવસ્થા ઉપલબ્ધ નથી ત્યાં છ માસ સુધી દૈનિક વિદ્યાર્થીદીઠ ૨૦૦ મિ.લી.ફ્લેવર્ડ દૂધને બદલે પેચ્યુરાઇઝ દૂધ આપવાની મંજુરી આપવા નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

બોલીઓ અને શરતો-

(૧) કમિશ્નરશ્રી,મ.ભો.યો.દ્વારા ૧૯ વિકાસશીલ તાલુકા પૈકીના અન્ય તાલુકાઓમાં જ્યાં ફ્લેવર્ડ દૂધની વ્યવસ્થા ઉપલબ્ધ થઇ શકે તેમ ન હોય ત્યાં દૈનિક વિદ્યાર્થીદીઠ ૨૦૦ મિ.લી. ફ્લેવર્ડ દૂધને બદલે પેચ્યુરાઇઝ દૂધ આપવાની મંજુરી છ માસ સુધીના સમયગાળા માટે આપવાની મંજુરી તેઓની કક્ષાએથી યોગ્ય ચકાસણી કરીને આપવાની રહેશે અને તેની અત્રે જાણ કરવાની રહેશે.

(૨) શિક્ષણ વિભાગના તા.૧૫/૦૪/૨૦૧૫ના સરખા ક્રમાંકના ઠરાવની શરતો યથાવત રહેશે.

૩/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૦/૦૬/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
--માન. રા.ક. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- જિલ્લા કલેકટરશ્રી, ભાવનગર .
--જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,ભાવનગર
--જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ભાવનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.